# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-07-2024** **MIDDAY : 2.30 to 2.40pm**

**Day : TUESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

---

- કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે એનડીએ સરકારનું 2024-25નું અંદાજપત્ર રજૂ કર્યું.
- કઠોળ- તેલિબીયામાં સ્વનિર્ભરતા પર ખાસ ભાર મૂકાશે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં કુલ ત્રણ કરોડ નવા આવાસ બંધાશે.
- કામકાજી મહિલાઓ માટે શહેરોમાં છાત્રાલયો બનાવાશે.
- યુવાનોને 500 ટોચની કંપનીઓમાં ઇન્ટર્નશીપ પર રખાશે. પ્રથમ વરસે માસિક પાંચ હજાર સરકાર અને છ હજાર કંપની તરફથી અપાશે.
- કર્મચારી ભવિષ્ય નિધીમાં પહેલીવાર નોંધણી કરાવનારને 5-5 હજારના ત્રણ હપ્તામાં કુલ 15 હજાર સહાય અપાશે.
- રાજ્યમાં ચાંદીપુરાની બીમારીને કાબૂમાં લેવા સરકારે સઘન કામગીરી હાથ ધરી.
- સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર ઘટ્યું- કચ્છ-ડાંગમાં સાર્વત્રિક વરસાદ- રાજ્યના 31 જળાશયો હાઇ એલર્ટ પર..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# BUDGET---SITHARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણે  કહ્યું છે કે, મુશ્કેલ સમયમાં પણ ભારતનું અર્થતંત્ર ચમકી રહ્યું છે. આજે સંસદમાં સતત સાતમી વાર કેન્દ્ર સરકારનું વર્ષ 2024-2025 નું અંદાજપત્ર રજૂ કરતાં તેમણે જણાવ્યું કે, સરકારનું ધ્યાન ગરીબો, મહિલાઓ યુવાનો અને ખેડૂતો પર રહેશે. સરકાર નોકરીની તકો વધારશે.

અંદાજપત્રની છ મુખ્ય દરખાસ્તો રજૂ કરતાં નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે, જેમને પહેલી નોકરી માટે એક લાખ રૂપિયાથી ઓછો પગાર હશે તેમને પહેલીવાર કર્મચારી ભવિષ્યનિધિ ઈપીએફઓમાં નોંધણી કરાવનારને ત્રણ હપ્તામાં 15 હજાર રૂપિયાની સહાય અપાશે. આ યોજનાનો લાભ લગભગ 2 કરોડ 10 લાખ યુવાનોને મળશે.

તેમણે સરકારી યોજનાઓનો કોઈ લાભ ન મળતો હોય તેવા દેશભરની સંસ્થાઓમાં એક લાખ યુવાનોને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવાની જાહેરાત કરી છે. તેમાંથી 3 ટકા સરકાર ભોગવશે.

ખેડૂતો માટેની સહાય જાહેર કરતાં શ્રીમતી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, જમીન નોંધણીમાં છ કરોડ ખેડૂતોની માહિતી લાવવામાં આવશે. પાંચ રાજ્યોમાં નવા કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે.

દેશમાં સુક્ષ્મ, નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમો એમએસએમઈ અને ઉત્પાદન પર ખાસ ધ્યાન અપાશે. મુદ્રા લોનની મર્યાદા 10 લાખથી વધારીને 20 લાખ કરવામાં આવી છે.

દેશની પાંચસો ટોચની કંપનીઓમાં 5 કરોડ યુવાનોને ઇન્ટર્નશીપ પર રખાશે. જેમાં 5 હજાર રૂપિયા ભથ્થું અને છ હજાર રૂપિયા

એકમ સહાય અપાશે. મહિલાઓ અને યુવતીઓને લાભ આપતી યોજનાઓ માટે 3 લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

શ્રીમતી સીતારમણે જણાવ્યું હતું કે, કામકાજી મહિલાઓ માટે નવાં છાત્રાલયો ઉભાં કરાશે અને એક હજાર તાલીમ સંસ્થાઓ સ્થાપવામાં આવશે.

કૃષિ સંશોધન પર ખાસ ભાર મૂકાશે અને કઠોળ – તેલીબિયાની બાબતમાં સ્વનિર્ભરતા લાવવા પર ખાસ ધ્યાન અપાશે.

નાણામંત્રીએ કહ્યું કે, મોંઘવારી 4 ટકા સુધી લાવવા પ્રયાસો કરાશે અને ઘર વિહોણા નાગરિકો માટે 3 કરોડ નવાં આવાસો બાંધવામાં આવશે.

નાણામંત્રીએ પીએમ શહેરી આવાસ યોજના માટે 10 લાખ કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી છે. સ્ટેમ્પ ડ્યૂટી ઘટાડવાના રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે. એક કરોડ ઘરો માટે પીએમ સૂર્યઘર મફત વીજળી યોજનાની જાહેરાત કરાઇ છે. મહિલાઓના નામે નોંધણી પર સ્ટેમ્પ ડ્યૂટીમાં રાહતની દરખાસ્ત પણ કરાઇ છે.

સોના ચાંદી પરની કસ્ટમ ડ્યૂટી ઘટાડીને છ ટકા અને પ્લેટીનમ પર છ પોઇન્ટ ચાર ટકા કરવામાં આવી છે.

નાણામંત્રીએ ગ્રામીણ આંતરમાળખા સહિત ગ્રામ વિકાસ માટે બે લાખ 66 કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવી છે.

વર્ષ 2024-25માં નાણાંકીય ખાધ કુલ રાષ્ટ્રીય ઉત્પાદનના ચાર પોઇન્ટ 8 ટકા અંદાજવામાં આવી છે. જ્યારે દેશના આંતરમાળખાના

વિકાસ માટે 11 લાખ 11 હજાર કરોડ રૂપિયાનો મૂડી ખર્ચ કરવાની દરખાસ્ત કરાઇ છે.

વર્તમાન એનડીએ સરકારનું પહેલું અંદાજપત્ર રજૂ કરતાં નાણામંત્રીએ કહ્યું હતું કે, અંદાજપત્રમાં વિકસિત ભારતને નજર સમક્ષ રાખીને કુલ નવ પ્રાથમિકતાઓ નક્કી કરાઇ છે. તેમાં ખેતીમાં ઉત્પાદકતા વધારવા અને કુદરતી સંજોગોનો સામનો કરે તેવી બનાવવા, યુવાનોની કાર્યકુશળતા વધારવા, માનવ સંસાધન વિકાસ અને સામાજીક ન્યાય, શહેરી વિકાસ, ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં સુધારો, ઉર્જા સલામતી, આંતરમાળખાકીય વિકાસ. નાવીન્ય, સંશોધન અને વિકાસ તથા નવી પેઢીમાં સુધારા પર ધ્યાન અપાશે.

---------

## BUDGET

**નાણા મંત્રી નિર્મલા સીતારમણે વ્યક્તિગત કરદાતાઓને રાહત આપી છે. આજે રજૂ કરેલા બજેટમાં નવી કર વ્યવસ્થા હેઠળ પગારદાર કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન 50 હજાર રૂપિયાથી વધારીને 75 હજાર રૂપિયા કરવામાં આવ્યું છે.**

**સરકારે નવી કર વ્યવસ્થા હેઠળ કર માળખામાં ફેરફાર કર્યો છે. ત્રણ લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ કર નહીં લાગે. ત્રણ લાખથી સાત લાખ રૂપિયા સુધીની આવક પર પાંચ ટકા, સાત લાખથી 10 લાખ રુપિયા સુધીની આવક પર 10 ટકા અને 10 લાખથી 12 લાખ રૂપિયા સુધીની આવક પર 15 ટકા વેરો લાગશે.**

12 લાખથી 15 લાખ રૂપિયા કમાનાર વ્યક્તિએ 20 ટકાનાં દરે આવક વેરો ચૂકવવો પડશે અને 15 લાખ રૂપિયાથી વધુની આવક પર 30 ટકા વેરો લાગશે.

----------

## GCCI President Reactions

ગુજરાત ઉદ્યોગ અને  વેપારી મહામંડળે કેન્દ્રીય બજેટને આવકાર્યું છે. બજેટ અંગે પ્રતિક્રિયા આપતા મહામંડળનાં પ્રમુખ સંદીપ એન્જિનિયરે જણાવ્યું કે, કર માળખાનાં સરળીકરણ સહિતની જાહેરાતો આવકાર્ય છે. એકંદરે આ બજેટ દેશના અર્થતંત્રને વૃધ્ધિનાં માર્ગે લઈ જશે.

શ્રી એન્જિનિયરે વધુમાં આ પ્રમાણે જણાવ્યું.......

(BYTE – સંદીપ એન્જિનિયર, પ્રમુખ, GCCI)

----------------

## CHANDIPURA VIRUS

ભરૂચ જિલ્લામાં નેત્રંગ તાલુકાના ધાંણીખૂટ ગામમાં સાડા ચાર વર્ષીય બાળકમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ લક્ષણ દેખાયા હતા. હાલમાં આ બાળક વડોદરાની હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. જિલ્લામાંથી ચાંદીપુરાનો શંકાસ્પદ એક કેસ નોંધાતા નેત્રંગ આરોગ્ય વિભાગની 15 ટુકડી સાથે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. એ. એન. સિંહ ધાંણીખૂટ ગામમાં સરવે સહિત દવા છંટકાવની કામગીરી હાથ ધરી હતી.

ભાવનગરમાં સરતાનપર ગામમાં પાંચ વર્ષીય બાળકીના ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ કેસનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. બાળકીના નમૂના

તપાસ માટે પુણે ખાતે મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ તંત્રએ તળાજા તાલુકામાં 1 હજાર 570 કાચા મકાનમાં ડસ્ટિંગની કામગીરી હાથ ધરી હતી.

.................

## RAIN -1

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા એક અઠવાડિયાથી વરસી રહેલા વરસાદનું જોર આજે ઘટ્યું છે જ્યારે કચ્છ નવસારી ડાંગમાં આજે સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. અમદાવાદ શહેરમાં પણ લાંબા સમય બાદ વરસાદે હાજરી આપી છે.

સ્ટેટ એમર્જન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ આજે બપોરે 12 વાગ્યા સુધીમાં રાજ્યના 100 જીલ્લામાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. કચ્છ જિલ્લાના નખત્રાણામાં સૌથી વધુ ચાર ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે, જિલ્લાના લખપત, રાપર અબડાસા પંથકોમાં પણ વારસા થયાના અહેવાલ છે. મથલ પાસે નખત્રાણા-લખપત રાજ્ય ધોરીમાર્ગ, જડોદર પાસે નખત્રાણા-નલિયા રાજ્ય ધોરીમાર્ગ, વિવિધ તાલુકાના આંતરિક માર્ગ બંધ થઈ ગયો છે.

દક્ષિણ ગુજરાતના ખેરગામ, પારડી, વઘઇ, સુબીર, વાંસદા, પલસાણા , ધર્મપુર પંથકોમાં

હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો છે. દરમિયાન , છેલ્લા 24 કલાકમાં થયેલા ભારે વરસાદના કારણે દેવભૂમિ દ્વારકા અને જુનાગઢ જીલ્લામાં ઠેર ઠેર પાણી ભરાતાં પૂર જેવી પરિસ્થિતી સર્જાઈ છે. દ્વારકાના ધડેચી ગામમાં NDRF ની ટીમ દ્વારા પાણીમાં ફસાયેલા 15 લોકોને બચાવી લેવાયા છે. અમારા પ્રતિનિધિ કરણ જોશીના જણાવ્યા મુજબ ધડેચી ગામના ખેતરોમાં વરસાદી પાણી ભરાઇ જતા 15 લોકો ફસાયા હતા, એન ડી આર એફ દ્વારા તમામને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા. જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં ગઇકાલે સૌથી વધુ ૧૧ ઇંચ વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદના કારણે ઓખામંડળને પીવાનું પાણી પૂરું પાડતા ભીમગજા ડેમ-મીઠીખારી તળાવો ઓવરફ્લો છે.

દેવભૂમિદ્વારકા જિલ્લામાં સાર્વત્રિક વરસાદના કારણે જિલ્લાના કુલ 15માંથી નવ ડેમ ઑવરફ્લૉ થઈ ગયા છે. દરમિયાન અલગ અલગ જગ્યાએથી 19 લોકોને બચાવવામાં આવ્યા અને 85 લોકોનું સ્થળાંતર કરાયું હતું. જિલ્લાના કુલ 11 રોડ-રસ્તાઓ બંધ થયા છે. અહીં રાષ્ટ્રીય ધોરીમાર્ગ દ્વારકા-સોમનાથ, રાજ્ય ધોરીમાર્ગ ભાટિયા-ભોગાત, કલ્યાણપુર-પોરબંદર પણ અસરગ્રસ્ત થયા છે. હાલમાં કલ્યાણપુર પંથકની 8 બસના રૂટ બંધ થયા છે. જિલ્લાના ધડેચી ગામમાં એનડીઆરએફની ટુકડીએ બચાવકાર્ય દરમિયાન 15 લોકોને સહીસલામત બહાર કાઢ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચાલુ મોસમનો કુલ સરેરાશ ૪૪ ટકા થી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સૌરાષ્ટ્ર ઝોનમાં ૬૬ ટકાથી વધુ વરસાદ નોંધાયો

--------

# DAM NI MAHITI

રાજ્યમાં વરસી રહેલા ભારે વરસાદના પરિણામે રાજ્યના ૩૧ જળાશયો સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ પર રાખવામા આવ્યા છે. ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પરિણામે દમણગંગા, ઉકાઈ, રાણા ખીરસરા, વેણુ-ઉમિયાસાગર,, ઓઝત-વિઅર વંથલી) ઓઝત-વિઅર, તથા સરદાર સરોવર સહિતના આઠ જળાશયોમાં ૧૫ હજાર ક્યુસેકથી વધુ પાણીની આવક નોંધાઈ છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૫૫% જેટલો જળ સંગ્રહ થયો છે. જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૬.૪૦ ટકા જળ સંગ્રહ થયો છે,

--------